### ફ્લાઈટ નંબર 807માં બોમ્બ મુકાયાનો મેલ મળતાં પોલીસ દોડતી થઈ

# વડોદરા એરપોર્ટની ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બ મુકાયો હોવાની ધમકી

**પોલીસ,** બોમ્બ અને ડોગ સ્કવોડ સહિતની એજન્સીઓ એક્શનમાં, એરપોર્ટ ખાતે ચેકિંગ હાથ ધરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા. 30

વડોદરા એરપોર્ટને 25 દિવસમાં બીજીવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો મેસેજ મળતા ચકચાર મચી ગઈ છે. એરપોર્ટ પર ઈન્ડિગો ફ્લાઈટ નંબર 807 માં બોમ્બ મુકાયો હોવાનો મેલ મળ્યો હતો. જેના પગલે પોલીસ બોમ્બ અને ડોગ સ્કવોડ સહિતની એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતી અને તપાસ કરી હતી પરંતુ કાંઈ વસ્તુ કે પદાર્થ મળ્યો ન હોય હાશકારો અનુભવ્યો હતો.

તાજેતરમાં જ વડોદરા એરપોર્ટને મેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો મેસેજ મળ્યો હતો. એના પગલે એરપોર્ટ ઓથોરિટી સહિત પોલીસ તંત્ર ડોગ તથા બોમ્બ સ્કોડ પણ એક્ટિવ થઈ ગયા હતા. ત્યારે પરિવાર વડોદરા એરપોર્ટની ઈન્ડિગો ફ્લાઈટ 807માં બોમ્બ મુકાયો હોવાની મેલ દ્વારા ધમકી મળતા મેચ જ પોલીસ સહિત એરપોર્ટ ઓથોરિટી એક્શનમાં આવી ગઈ હતી. જેના પગલે વડોદરા પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓ સહિત બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ સહિતની ટીમોએ તપાસ કરી હતી. જોકે ફ્લાઈટમાંથી કોઈ શંકાસ્પદ પદાર્થ કે વસ્તુ મળી આવી ન હતી. જેના કારણે તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરની 35 થી 40 જેટલી ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. ત્યારે 25 દિવસમાં એરપોર્ટ ઓથોરિટીના મેલ પર બીજી ધમકી મળી છે. એરપોર્ટ ઓથોરિટી દ્વારા હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. ડીસીપી, એસીપી, એસઓજી સ્થાનિક પોલીસના અધિકારીઓ ના ધાડેધાડા ઉમટી પડ્યા હતા. જેના પગલે મુસાફરોમાં પણ એક તબક્કે ભયનો માહોલ ફેલાયો હતો.

### વડોદરાની વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુ ટ્રસ્ટે ભારે જહેમત ઉઠાવી

# ધનિયાવી કોર્પોરેશનના પંપીગ સ્ટેશનમાંથી સાડા પાંચ ફૂટ લાંબા અજગરનું રેસ્ક્યુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.30

વડોદરા વાઈલ્ડ લાઈફ રેસક્યુ ટ્રસ્ટ દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પંપીગ સ્ટેશનમાંથી સાડા પાંચ ફૂટ લાંબા અજગરને બે કલાકની ભારે જહેમત બાદ રેસ્ક્યુ કરી વનવિભાગને સોંપવામાં આવ્યો હતો.

વડોદરાની વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ અરવિંદભાઈ પવાર પર વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન માંથી ધવલ ભાઈનો ફોન આવ્યો હતો કે ધનીયાવીવાળા પંપીગ સ્ટેશનમાં એક અજગર આવી ગયો છે.

આ કોલ આવતાની સાથે જ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટ સંસ્થાના સેક્રેટરી યુવરાજસિંહ રાજપુત અને વડોદરા વન વિભાગના અધિકારી જીગ્નેશ પરમારને લઈને ઘટના સ્થળે પહોંચ્યા હતા અને ત્યાં જોતા સાડા પાંચ ફૂટનો અજગર વીએમસીના પંપીગ સ્ટેશનની અંદર આવેલ દીવાલના મોટા સ્લેપ ની નીચે નોળિયાને ગળી રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી વોલીએન્ટર દ્વારા આ અજગરને બે કલાકની ભારે જેહમત બાદ સહી સલામત રીતે રેસ્ક્યુ કરીને વડોદરા વન વિભાગના સોંપવામાં આવ્યો હતો.



### ગ્રુપ-1માં 52 ,ગ્રુપ-2માં 47 અને બોથ ગ્રુપમાં 5 વિદ્યાર્થી પાસ થયા

# સીએ ફાઉન્ડેશન અને સીએ ઈન્ટર મીડિયેટ પરીક્ષામાં શહેરના 104 વિદ્યાર્થીઓ પાસ



**સીએ** ઈન્ટરમીડિયેટની 895 વિદ્યાર્થીઓએ વિવિધ ગ્રુપમાં પરીક્ષા આપી હતી

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

તાજેતરમાં લેવાયેલી સીએ ઈન્ટરમડીએટ અને સીએ ફાઉન્ડેશનની પરીક્ષાઓના પરિણામ 30 ઓક્ટોબર ના રોજ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા આઈસીએઆઈ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા જેમાંથી વડોદરા શહેરમાંથી ઈન્ટરમિડીયેટની 895 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી.જેમાંથી વિવિધ ગ્રુપ મળીને કુલ 104 વિદ્યાર્થીઓ પાસ થયા છે.

એકાઉન્ટ્સ ઓફ ઈન્ડિયાએ 30 ઓક્ટોબરના સીએ ફાઉન્ડેશન અને સીએ ઈન્ટરમિડિયેટ પરીક્ષાઓના પરિણામ જાહેર કર્યા છે. જેમાં ઈન્ટરમિડિયેટમાં છોકરીઓએ બાજી મારી છે. સમગ્ર દેશભરમાંથી લગભગ 70 હજાર વિદ્યાર્થીઓમાંથી ટોપ-3માં ત્રણ છોકરીઓએ સ્થાન મેળવ્યું છે. જેમાં મુંબઈની પરમી ઉમેશ પારેખે 484 માર્ક્સ સાથે પ્રથમ, ચેન્નઈની તાન્યા ગુપ્તાએ 459 માર્ક્સ સાથે બીજા અને વિધિ જૈને 441 માર્ક્સ સાથે ત્રીજો ક્રમ હાંસલ કર્યો છે.

આ વર્ષે સપ્ટેમ્બરમાં આયોજિત CA ફાઉન્ડેશનની પરીક્ષાનું 19.67 ટકા રિઝલ્ટ આવ્યું છે. 70437 વિદ્યાર્થીઓમાંથી 13858 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે ઈન્ટરમિડિયેટના ગ્રૂપ-1માં 69227માંથી 10505 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે ગ્રૂપ-2માં 50760માંથી 8117 વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જ્યારે બંને ગ્રૂપમાં ઉતીર્ણ થનારા વિદ્યાર્થીઓનો રેશિયો 5.66 ટકા રહ્યો છે. વડોદરા શહેરમાંથી ગ્રુપ 1માંથી 454 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 52 વિદ્યાર્થીઓ પાસ થયા છે. તેમની ટકાવારી 11.45 જ્યારે ગ્રુપ 2માંથી 240 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી 47 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેઓની ટકાવારી 19.58 રહેવા પામી છે. બોથ ગ્રુપમાં 201 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, તેમાંથી પાંચ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેઓની ટકાવારી 2.48 છે. જ્યારે વડોદરા શહેરમાં ટોપરમાં પ્રથમ ક્રમાંકે ચોટાલીયા છાયા 303 માર્ક્સ બીજા નંબર ઉપર પટેલ નંદ ઘનશ્યામભાઈ 301 માર્ક, જ્યારે ત્રીજા ક્રમાંકે સાગર પ્રદીપકુમાર જોશી 300 માર્ક્સ સાથે વડોદરા સીટી ટોપરમાં નામ મેળવ્યું છે.

બીજી તરફ સીએ ફાઉન્ડેશનમાં વડોદરા શહેરમાંથી 511 વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી તેમાંથી 125 વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેઓની ટકાવારી 24.46 રહેવા પામી હતી. નોંધનીય છે કે, આગામી વર્ષે જાન્યુઆરીમાં યોજાનારી સીએ ફાઉન્ડેશન અને ઈન્ટરમિડીયેટ પરીક્ષાની તારીખો જાહેર થઈ ચૂકી છે. જેમાં ફાઉન્ડેશન કોર્સની પરીક્ષા 12,14,16 અને 18 જાન્યુઆરી, 2025ના રોજ, જ્યારે ઈન્ટરમિડીયેટ કોર્સના ગ્રૂપ 1 માટે 11,13, અને 15 જાન્યુઆરી અને ગ્રૂપ 2 માટે 17, 19 અને 21 જાન્યુઆરી, 2025ના રોજ પરીક્ષા લેવાશે.

### બે દિવસ થવા છતાં તંત્ર દ્વારા મરામતની તસ્દી હાથ ન લેવાઇ

# સયાજીનગર ગૃહ બહાર પડેલું વિશાળ ગાબડું ભુવામાં પરિવર્તિત થવાની શક્યતા

**માત્ર** બેરીકેટ મૂકીને સંતોષ માનવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.30

શહેરના અકોટાના સરસયાજીનગર ગૃહ બહાર રોડ બેસી ગયો છે અને મોટું ગાબડું પડ્યું છે. સતત બીજો દિવસ થઈ ગયો હોવા છતાં પણ તંત્ર દ્વારા તેની મરામતની તસ્દી હાથ લેવામાં આવી નથી. હાલ આ ગાબડું ભુવામાં પરિવર્તિત થાય તેવી શક્યતાઓ ઉભી થઈ છે.

શહેરમાં મોદી અને સ્પેનના વડાપ્રધાનનું આગમન હોય શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા સહિત રોડની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી.પરંતુ વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં સર સયાજીનગર ગૃહની બહાર છેલ્લા બે દિવસથી રોડ ઉપર મોટું ગામડું પડ્યું છે. હાલ મોટો ભુવો નિર્માણ પામે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.આ વાતને બે દિવસ વીતી ગયા હોવા છતાં પણ આજ દિન સુધી આ મામલે કોર્પોરેશન તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. માત્ર બેરીકેટ મૂકીને સંતોષ માનવામાં આવ્યો છે.જેના કારણે તંત્રની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે. જો વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ કરવામાં નહીં આવે તો આગામી કલાકોમાં આ ગાબડું મોટા ભુવામાં પરિવર્તિત થાય તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી.



# યુવતી બે દિવસથી બોયફ્રેન્ડના ઘરે રોકાતા અભયમે સમજાવી

**ફેક્ટરીમાં** સાથે કામ કરતા સહકર્મીના પરિચયમાં આવેલી યુવતી મિત્રતા બાદ પ્રેમમાં પડી

(પ્રતિનિધિ) વડોદરા તા. 30

ગોરવાની ખાનગી ફેક્ટરીમાં સહકર્મી સાથે મિત્રતા બાદ પ્રેમમાં પડેલી યુવતી છેલ્લા બે દિવસથી ઘરે જાણ કર્યા વિના બોયફ્રેન્ડ સાથે રોકાઇ જતાં પરિવારે અભયમની મદદ લીધી. અભયમની સમઝાવટથી આખરે યુવતી પરિવાર સાથે જવા સહમત થઈ.

પ્રાપ્ત અહેવાલ મુજબ. ગતરોજ 181 અભયમ ટીમને કોલ મળ્યો હતો જેમાં બે દિવસથી યુવતી ઘરે ગયેલ નથી જેથી અભયમ ટીમ, બાપોદ દ્વારા તપાસ કરવામાં આવી હતી. જેમાં શહેરના ગોરવા વિસ્તારમાં એક ખાનગી ફેક્ટરીમાં કામ કરતી યુવતીને તેના સહકર્મી સાથે પરિચય થયો હતો આ પરિચય મિત્રતામાં ફેરવાયો હતો જે આગળ જતાં પ્રેમમાં પરિણમ્યો હતો. છેલ્લા બે દિવસથી યુવતી કોઈને ઘરે જાણ કર્યા વિના જ પોતાના બોયફ્રેન્ડ સાથે અન્ય જગ્યાએ રહી ઘરે ન જતાં પરિવારે શોધખોળ બાદ અભયમને જાણ કરી હતી ત્યારે અભયમે પરિવારને સમગ્ર બાબતે પૂછપરછ કરતાં યુવતીને તેનો સહકર્મી યુવક ઘણીવાર ઘરે મૂકવા માટે આવતો હોવાનું જાણવા મળ્યું હતું જેના આધારે અભયમની ટીમે તે યુવકની પૂછપરછ કરતા પ્રથમ તેણે પોતાને યુવતી વિષે ક્યાં છે તે ખબર ન હોવાનું જણાવ્યું હતું. આખરે તપાસ કરતાં યુવતી પોતાના સહકર્મી બોયફ્રેન્ડ સાથે બીજાના ઘરે કોઈને ઘરમાંપણ જાણ કર્યા વિના રોકાવવુ યોગ્ય નથી પરિવાર ચિંતા કરે હેરાન થાય તે યોગ્ય નથી. જો કોઈ અનિવાર્ય કારણોસર રોકાવવુ પડે તો પરિવારને જાણ કરવી જોઈએ સાથે સાથે પરિવારને સમજાવ્યું હતું આખરે યુવતી પરિવાર પાસે જવા સહમત થઈ હતી.

### ઉંડેરાની મહિલાની શારિરીક છેડછાડ કરી

# બાળક સાથે ફટાકડા ફોડતી મહિલાને યુવકે બાહુપાશમાં લેતાં અભયમ મદદે

**મહિલાએ** વિરોધ કરતા યુવક મહિલાને મારવા આવ્યો હતો

**અભયમ** ટીમે મહિલાના રક્ષણ માટે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં અરજી અપાવી

(પ્રતિનિધિ) વડોદરા તા. 30

શહેરના ઉંડેરામા પોતાના ઘર પાસે બાળક સાથે ફટાકડા ફોડતા સમયે અચાનક એક યુવકે મહિલાને પકડી શારીરિક અડપલાં કરતાં મહિલાએ વિરોધ કરતાં યુવક મહિલાને મારવા આવ્યો હતો જેથી મહિલાએ 181 અભયમને જાણ કરતા આખરે અભયમ મહિલાની વહારે આવી અને તેણીના રક્ષણ માટે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં અરજી અપાવી.

પ્રાપ્ત અહેવાલ મુજબ,ગતરોજ શહેરના ઉંડેરા વિસ્તારમાં એક મહિલા પોતાના નાના દીકરા સાથે ઘર આંગણે ફટાકડા ફોડતી હતી તે દરમિયાન અચાનક એક યુવક ત્યાં ધસી આવ્યો હતો અને મહિલાને બાહુપાશમાં પકડી લઇ શારીરિક અડપલાં કરતાં મહિલા ડઘાઇ ગઇ હતી અને વિરોધ કરતાં યુવક સાથે ઉગ્ર બોલાચાલી થઇ હતી જેથી ઉશ્કેરાઈને મારવા આવ્યો હતો જેથી મહિલાએ 181મહિલા હેલ્પલાઇન અભયમને કોલ કરીને જાણ કરતાં આખરે અભયમની સયાજીગંજ ટીમ મહિલાની વહારે આવી હતી અને સમગ્ર મામલો શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ યુવક વધુ પડતો આક્રમક અને જૂસ્સામા હોય મહિલાએ પોતાના સ્વરક્ષણ માટે અભયમને જણાવતાં અભયમની ટીમે મહિલાના રક્ષણ માટે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં અરજી અપાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

### પોલીસ દ્વારા સિનિયર સિટીઝનો સાથે દિવાળીની ઉજવણી




દિવાળીના તહેવારને લઇને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે લોકો કપડા સહિતના સામાનની ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં બજારમાં ઉમટી પડતા ભારે ભીડ જોવા મળી રહી છે. ગોરવા પોલીસ સ્ટેશનના સ્ટાફ તથા શી -ટીમના સહયોગથી ગાર્ડનમાં સિનિયર સીટીઝન લોકોને સાથે રાખીને દિવાળીનો તહેવારની ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. જોકે, પોલીસ કમિશનરે ગ્રૂપ મેસેજ કર્યો હતો કે, ફટાકડા પ્રદૂષણ ફેલાવે છે ત્યારબાદ આ મેસેજ તુરંત ડિલીટ કરી નાંખ્યો હતો.

# આમોદ પાલિકાએ તળાવના વિકાસમાં નડતરરૂપ ગેરકાયદે દબાણો દૂર કર્યા

(પ્રતિનિધિ) ભરૂચ, તા.30

આમોદ મોટા તળાવ ખાતે 6.59 કરોડના ખર્ચે તળાવના બ્યુટી ફિકેશનનું કામ એજન્સી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.પરંતુ તળાવ ઉપર કેટલાંક ગેરકાયદેસર દબાણો ઉભા કરવામાં આવ્યા હતાં.જેના કારણે તળાવની બ્યુટી ફિકેશનની કામગીરીના નડતરરૂપ બનતા હતા

જે બાબતે આમોદ નગરપાલીકા દ્વારા દબાણ કર્તાઓને વારંવાર નોટીસ આપી દબાણો સ્વેચ્છાએ દૂર કરવા જાણ કરવામાં આવી હતી.પરંતુ દબાણ કર્તાઓએ પાલીકાએ વારંવાર આપેલી નોટિસને ધ્યાને નહી લેતાં તા.30ને બુધવારના રોજ વહેલી સવારે આમોદ નગરપાલીકાના મક્કમ અને નીડર મુખ્ય અધિકારી પંકજ નાયકે જેસીબી લઈને પાલિકા ઈજનેર કિરણ મકવાણા તેમજ પાલિકા પ્રમુખ જલ્પાબેન પટેલ અને સદસ્યોની હાજરીમા કિન્નરોએ બનાવેલા ગેરકાયદે મંદિર ઉપર પણ જેસીબી ફેરવી દબાણો દૂર કર્યા હતા. કિન્નરોએ મંદીરમાં રાખેલી માતાજીની પ્રતિમાઓ પાલિકાનાં મહિલા સદસ્યોએ પૂજા-અર્ચના કરી બહાર બહાર કાઢી હતી. ત્યાર બાદ મંદિરને જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મસ્જિદ પાસે આવેલા એક મકાનનું દબાણ પણ દૂર કર્યું હતું.



આ બાબતે આમોદ પાલિકાનાં મુખ્ય અધિકારી પંકજ નાયકે જણાવ્યું હતુ કે, આજના રોજ (બુધવારે) તળાવની કામગીરીના નડતરરૂપ દબાણો દુર કર્યા છે. ભવિષ્યમાં આમોદ નગરનાં વિકાસના કાર્યોમાં નડતરરૂપ દબાણો પણ ફરિયાદ મળ્યેથી દુર કરવામાં આવશે.

### જાહેરમાં ખંજરથી કેક કાપતો વીડિયો વાઇરલ થયો હતો

# ખંજર વડે કેક કાપી જન્મ દિવસની ઉજવણી કરનાર યુવક વિરુદ્ધ ગુનો નોંધાયો

**પોલીસે** યુવક પાસેથી ખંજર પણ કબજે કર્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.30

ગદાપુરા વિસ્તારમાં રહેતા યુવકે પોતાના જન્મ દિવસની ઉજવણી દરમિયાન જાહરેમાં ખંજર વડે કેક કાપીને જન્મ દિવસની ઉજવણી કરી હતી. જેને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. જેથી ત્યારે પોલીસે જાહેરમાં હથિયાર કાઢી કેક કાપી પોલીસે તેને વિરુદ્ધ હથિયાર બંધીને ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળીની તહેવાર દરમિયાન શહેરમાં કોઇ અનિચ્છિયનીય બનાવ ના બને તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેવા હેતુસર પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરાઇ રહ્યું છે. ત્યારે 26 ઓક્ટોબરના રોજ અકોટા પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરી રહ્યો હતો. તે દરમિયાન જાહેરમાં ખંજર વડે કેક કાપીને જન્મ દિવસની ઉજવણી કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જેમાં ગદાપુરા વિસ્તારમાં એક યુવક ખંજર વડે કેક કાપતો જણાય છે. પોલીસ સ્થળ પર જઇને તપાસ કરતા ઉત્કર્ષ વિદ્યાલયની બાજુમાં સ્લમ ક્વાટર્સમાં રહેતો યુવક મળી આવ્યો હતો. ત્યારે તેના જન્મ દિવસની ઉજવણી બાબતે પુછપરછ કરતા 24 ઓક્ટોબરના રોજ તેને જન્મ દિવસ હોય જાહેરમાં ખંજરથી કેક કાપી હોવાનું જણાવ્યું હતું. ખંજર ક્યાથી લાવ્યો ત્યારે તેણે પોતાની પાસે હોવાનું કહ્યું હતું અને તેનું નામ હિમાલય ઉર્ફે વિશાલ સંગીત જાદવ હતું. જેથી પોલીસે તેના વિરુદ્ધ પોલીસના હથિયારબંધીના જાહેરનામાના ભંગનો ગુનો નોંધી ખંજર કબજે લઈને તેના કાર્યવાહી હાથ ધરી છે.





# લક્ષ્મીવિલાસ ખાતે ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા નાગરિકોને હેલ્મેટનું વિતરણ

**દીપાવલી** નવા વર્ષની શુભેચ્છા પાઠવવા માટે ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.30

વડોદરા શહેરના નાગરિકોને દિપાવલી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવવા અને ટ્રાફિક અવેરનેશ અંતર્ગત હેલ્મેટ અને ઈનામ વિતરણના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા શહેરના નાગરિકોને દિપાવલી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવવા તથા ટ્રાફિક અવેરનેશ અંતર્ગત જનજાગૃતિ લાવવાના હેતુસર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર અને ચેરમેન, વીટીઈટીના અધ્યક્ષસ્થાને 30 ઓક્ટોબરને બુધવારના રોજ બપોરે સમયે લક્ષ્મીવિલાસ પેલેસ મેઈન ગેટ રાજમહેલ રોડ ખાતે ટ્રાફિક અવેરનેશના કાર્યક્રમ અંતર્ગત વડોદરા શહેરના નાગરિકોને હેલ્મેટ અને ઈનામ વિતરણના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ અને મુખ્ય મહેમાન તરીકે પોલીસ કમિશનર, અતિથિ વિશેષ તરીકે મનોજ નિનામા સંયુક્ત પોલીસ કમિશ્નર અને ડેઝીગ્નેટેડ ટ્રસ્ટી, વીટીઈટી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જ્યોતિ પંકજ પટેલ, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક શાખા અને ડેઝીગ્નેટેડ ટ્રસ્ટી, ,ડી.એમ. વ્યાસ મદદનીશ પોલીસ કમિશ્નર, ટ્રાફિક શાખા, બાબુભાઇ પટેલ, પ્રેસિડેન્ટ તેમજ મયંક આર બ્રહ્મભટ્ટ, સેક્રેટરી વીટીઈટી વડોદરા શહેર અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમ્યાન પોલીસ કમિશાનર તથા વીટીઈટી ચેરમેન દ્વારા સંસ્કારીનગરી વડોદરા શહેરના નાગરિકોને દિપાવલી અને નવા વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવી હતી તથા ટ્રાફિક અવેરનેશ અંતર્ગત જનજાગૃતિ લાવવાના શુભ હેતુસર નાગરિકોને હેલ્મેટ પહેરવા અપીલ પણ કરી હેલ્મેટ અને ગિફ્ટ વાઉચર વિતરણ કરવામા આવ્યું હતું.